
પહેલી આવૃત્તિ 1974 (શક 1896)
છઠ્ઠી આવૃત્તિ 1992 (શક 1914)

રૂ. 9.00
Mora (Gujarati)
નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ ઇંડિયા,
એ-5, ગ્રીન પાર્ક, નવી દિલ્હી-110016 દ્વારા પ્રકાશિત

નહેરુ બાલ-પુસ્તકાલય



મોરા

મુલ્કરાજ આનંદ

ચિત્ર : રિપ્રેટ હેલર

અનુવાદિકા : ભારતી વૈદ્ય

નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા



હું છું મોરા, જંગલનું બાળક. આમ તો પિતાએ મારું નામ પાડયું હતું પેચી.

માએ મારી બહુ સારી સંભાળ લીધી.


મારો જન્મ થયો ત્યારે માએ ચિચિયારીઓ કરી કરીને આખાય જંગલને મારા જન્મની ખબર કરી દીધી. હું મોટો થવા લાગ્યો; એ મારી ગુરુ બની.

માએ મને સહુથી પહેલો પાઠ ભણાવ્યો ઉંદરો વિશે. થયું એવું કે એક વાર મોં ધોતાં માએ એક ઉંદરને જોયો. એણે રાડ નાખી :


“જો પેચી. ધ્યાન રાખ. આ તારા નાકમાં ન ઘૂસી જાય. એના પગ બહુ ખરબચડા હોય છે.”


ઉંદરને મારી તરફ આવતો જોઈને માએ ફરી બૂમ પાડી :

“ભાગ પેચી, ભાગ.”



મેં પણ એને જોયો, એટલે હું
ત્યાંથી ખસી ગયો.





એ પછી હું પાણી કેમ પિવાય એ શીખ્યો. મારા લાંબા નાકને મેં ઉપર-નીચે હલાવ્યું. અરે...આ શું ! પાણી મારી સૂંઢમાં ચાલ્યું ગયું.)ફુવારાથી નાહવાનું પણ હું શીખ્યો.





જેવી અંદરની સફાઈ એવી જ બહારની સફાઈ. મને તો એમ જ લાગ્યું, કારણ કે હું લાંબા નાકથી પાણી પણ પીઉં છું અને શરીર પર પાણી પણ નાખું છું.

હું જે કંઈ શીખ્યો એમાં સહુથી મજાનું કામ હતું નાક નીચે-ઉપર કરવાનું.



પછીનો પાઠ સહુથી મુશ્કેલ હતો. હાથીના શિકારી કહેવાતા લોકો વિશે મેં એક વાર સાંભળ્યું.

સાંભળ્યું કે આ શિકારીઓ હાથીનાં નાનાં નાનાં બચ્ચાં–મદનિયાં પકડી લે છે અને એમને મા-બાપથી દૂર દૂર લઈ જાય છે. જંગલમાં પવન ફૂંકાતો હોય કે ધીમો વાયુ વાતો હોય તો હાથીઓને આ રાક્ષસોની ગંધ આવી જાય અને બધા હાથીઓ ભાગીને છુપાઈ જાય. પણ હવા ન હોય તો આ ચાલાક લોકો મદનિયાં પકડી લે.

એક દિવસ હું મારાં મા-બાપ સાથે જમતો હતો. ત્યારે ડાળ તૂટવાનો અવાજ મારે કાને પડયો. મેં ખાવામાંથી માથું ઊંચું કરીને જોયું તો ...જાણો છો, શું હતું? એક વિચિત્ર જીવ... એને બે જ પગ હતા. આગળના પંજા અધ્ધર હતા. અધ્ધર પંજામાં લોખંડની લાંબી નળી જેવી કોઈ વસ્તુ હતી. મને લાગ્યું, એ જીવ મને મારવા આવી રહ્યો છે. મારા પિતાની જીભ જેવા જ ગુલાબી રંગનો એનો ચહેરો હતો.

એના માથા પર ટોપલી જેવી કોઈ વસ્તુ હતી. જે જનાવર પર સવાર હતો એ અમારી જ જાતનું હતું.


"આપણો ભાઈ કેમ એની સવારી બન્યો છે?" મેં સવાલ કર્યો.


"જાતિના ભાઈઓનો દગો કરી રહ્યો છે; જાતિદ્રોહી." મારા પિતાએ ગુસ્સાથી કહ્યું.

'ચાલો ભાગી જઈએ. જલદી." માએ કહ્યું.



"એ જ શિકારી છે. ચાલો જલદી."
હું જોરથી ચિચિયારી કરતો, જેટલી ઝડપથી ભાગી શકાય એટલી ઝપથી ભાગવા માંડયો.
પણ હું બે ઝાડની વચ્ચે ફસાઈ ગયો; નિરાંતે દાબીને ખાધું હતું ને!





"મા !" મેં બૂમ પાડી.


મા દોડીને પાછી આવી. એણે જોયું, હું કેવી આફતમાં ફસાયો છું.

માએ મને ધક્કો માર્યો. સાચે જ બહુ તકલીફ થઈ. પણ હું એ ઝાડની વચ્ચેથી હજી નીકળી શક્યો ન હતો.

હવે મારા પિતાજી આવ્યા. એમણે પણ ધક્કો માર્યો. એમણે માને ધક્કો માર્યો અને માએ મને.







અને...

હું એકદમ જે નીકળ્યો તે મોંભેર જમીન પર પડયો. ગડથોલિયાં ખાતો ઊઠીને જોરથી દોડવા માંડયો. મા મારી પાછળ પાછળ હતી. એ વહાલથી મને હિંમત આપી રહી હતી : "શાબાશ, દીકરા. જલદી. હજી જલદી, શાબાશ." પણ મને પિતાનાં પગલાં સંભળાતાં ન હતાં. હું પાછું વળીને જોવા માગતો હતો, પણ મા મને આગળ જવા માટે ઉત્સાહિત કરતી હતી.

આગળ મારાં કાકા-કાકીઓ અને મામા-મામીઓ દોડી રહ્યાં હતાં. એમણે અનેક ઝાડ તોડી પાડયાં હતાં. એટલે અમારો રસ્તો સાફ થઈ ગયો હતો. હું દોડતો રહ્યો. દોડતો જ ગયો. પછી થોડી વારે મેં જોયું કે હું સાવ એકલો હતો. મારી મા પણ આસપાસ ન હતી.

મેં પાછળ વળીને જોયું કે મા પાછળ ઊભી હતી અને પિતાજીની રાહ જોઈ રહી હતી. ત્યાં તો એક ભયંકર બનાવ બન્યો.

હવામાં સન્...સન્ કરતી કોઈ વસ્તુ આવી. મેં ડરતાં ડરતાં, ધડકતા હૃદયે પાછા વળીને જોયું.

જેની બીક હતી એ જ થયું.


પેલી લોખંડની લાંબી નળીમાંથી એક ગોળી નીકળીને મારા પિતાજીની છાતીમાં વાગી હતી.


~~મારા પિતાજીનું નામ મોગા હતું.~~ તેઓ લથડિયાં ખાતા ઝાડીમાં પડયા. મેં એમની બે ચીસ સાંભળી. પછી તેઓ નિર્જીવ થઈને ઢળી પડયા. મારી ~~માનું નામ મોરની હતું.~~ પિતાજીને મરતા જોઈ મા ચીસ પાડી ઊઠી.

હું કેટલો મૂર્ખ હતો. મારે રોવું હતું પણ ગળામાંથી અવાજ જ ન નીકળ્યો.

કદાચ હું બહુ જ ડરી ગયો હતો.

"મા !" મેં ચીસ પાડી. એ સાંભળીને મા મારી તરફ આવી ગઈ. નાકનાં સુંવાળાં ટેરવાંથી મને પંપાળવા માંડી. મારી નાકથી હું એના હોઠ પંપાળવા લાગ્યો.





માએ મને વહાલથી કહ્યું, "મોરા, દીકરા, તારા પિતાજી ગયા. ચાલ, હવે આપણે અહીંથી ભાગીએ. નહીં તો..." એ જ વખતે મેં જોયુ તો પેલાએ ધુમાડો કાઢતી નળી નમાવી લીધી હતી.

પેલા જાતિદ્રોહી હાથીને એ આગળ હાંકવા માંડયો હતો.


મારે કાને એનો અવાજ સંભળાયો. "આ હાથણી અને એના દીકરાને જીવતો પકડી શકાય તો મોં માંગ્યાં દામ મળે."


અમે મહામહેનતે જાન બચાવ્યો. આગળ આગળ હું અને પાછળ મા, એમ અમે નાસવા માંડયાં. નાસતાં નાસતાં અમે એક તળાવને કિનારે પહોંચ્યાં. ત્યાં ઊંચું ઊંચું લીલું ઘાસ ઊગ્યું હતું.

મને બહુ ભૂખ લાગી હતી એટલે મેં ખૂબ ઘાસ ખાધું.
પણ મારી માએ ત્રણ દિવસ સુધી કંઈ ખાધું નહીં.

પોતાની સૂંઢથી એ મને જોરથી પકડી લેતી અને રોતી રહેતી. મારી આંખોમાંથી પણ આંસુ સરતાં. મનમાં કેવી બેચેની થતી હતી! અને ત્યારે માએ મને શિકારી નામના નિર્દય દુષ્ટ જીવની વાત કરી.


માએ મને ગામડાં અને શહેરોમાં માણસો સાથે રહેતા હાથીઓની પણ વાત કરી. માએ કહ્યું કે હાથી માણસોના ગુલામ બની જાય છે અને એમની સેવા કરે છે. પોતાનું રક્ષણ કેવી રીતે કરવું, દેખભાળ કેવી રીતે કરવી એ પણ માએ મને શીખવ્યું. બીજાનો અવાજ આપણને સંભળાય પણ બીજાને આપણો અવાજ ન આવે, આપણે બધું જોઈ શકીએ, પણ આપણને કોઈ જોઈ ન જાય. બસ લાંબા નાકથી માઈલો સુધી સૂંઘવું-સૂંઘવું અને વિચાર કરવા. માએ કહ્યું, હાથી આખી દુનિયામાં પોતાની બુદ્ધિ માટે જાણીતો છે. એણે મને સમજાવ્યું કે મારે હોશિયાર બનવું જોઈએ. પોતાનાથી નબળાને મદદ કરવી જોઈએ, મન કઠણ કરવું જોઈએ અને પોતાનો ખોરાક પોતે મેળવી લેવો જોઈએ.








તળાવને કિનારે હાથીઓનું જે ટોળું રહેતું હતું તેમાં મારા અનેક દોસ્ત હતા, કાકા-મામાનાં ભાઈ-બહેન. હું એમની સાથે રમતો. ગુલાંટિયાં ખાવામાં અમને બહુ મજા આવતી. ક્યારેક ક્યારેક અમે અંદરોઅંદર ઝઘડતા, એકબીજાની પાછળ દોડતા. અમને ક્યાંક વાગી ન જાય એ બીકે અમારી માવડીઓ જોર જોરથી ચિચિયારીઓ પાડતી. રમીને થાકી જતા અને અમને ભૂખ લાગતી ત્યારે અમે સહુ સાથે ખાતા. એકબીજાને કૂણી કૂંપળો, નારિયેળ અને કેળાં ખવડાવતાં અને પછી અમે સહુ સાથે ગાતાં. ગળું બેસી જાય ત્યાં સુધી ગાતાં રહેતાં.









(થોડા વખતમાં તો અમારી માવડીઓને અમારા પર વિશ્વાસ પડવા માંડયો કે અમે પોતાની સંભાળ રાખી શકીશું.

હવે અમને મૂકીને દિવસો સુધી તેઓ સગાંવહાલાંને મળવા ચાલી જતી.) આમ વર્ષો પસાર થવા લાગ્યાં. હું મોટો થઈ ગયો.

[illegible]રી માએ મને તુષીમામાની દેખરેખ હેઠળ રાખ્યો હતો તેઓ મારા સગા મામા ન હતા, અમારા કુટુંબના મિત્ર હતા. તુષીમામાએ મને સાત સમુદ્ર, સાત ધરતી અને સાત આકાશનું જ્ઞાન આપ્યું.










તુષીમામાને હું એટલા ચાહતો હતો કે સાંજે અમે ફરવા જતા ત્યારે હું મારી સૂંઢ એમની સૂંઢમાં ભરાવીને એમને ચોંટી રહેતો. પણ મારી માને હું સાત સમુદ્ર, સાત ધરતી અને સાત આકાશથી વધુ ચાહતો. પેલા દુષ્ટ શિકારીઓથી એને બચાવી લેવા માટે હું હમેશાં માની સાથે રહેવા ઈચ્છતો. કોણ જાણે કેમ મને ડર હતો કે હું એને ખોઈ બેસીશ.

અને એક દિવસ મને ડર હતો એમ જ બન્યું. મા અને હું મારા પિત્રાઈ ભાઈનાં લગ્ન માટે મૈસૂર જઈ રહ્યાં હતાં. તુષીમામા પણ સાથે હતા. અમે ચાલતાં રહ્યાં. માઈલો સુધી ચાલતાં જ રહ્યાં. લાલ લાલ પહાડોમાં જ્યાં અમને લાંબું ઘાસ દેખાતું ત્યાં અમે ખાવા માટે રોકાઈ જતાં.


અમને કોઈ જોઈ ન જાય એટલા માટે અમે રાત્રે જ મુસાફરી કરતાં. દિવસે પહાડોમાં છુપાઈ જતાં.

અત્યાર લગી મેં આટલી દૂરની મુસાફરી કરી ન હતી એટલે મને બહુ મજા પડી ગઈ હતી.


રોજ રાત્રે ચંદ્રમા નીકળતો-સોનેરી ને સુંદર. મને એટલો આનંદ થતો હતો કે મને ગાવાનું મન થતું. પણ મા અને તુષીમામાને બીક હતી કે કદાચ કોઈ શિકારી મારું ગાયન સાંભળી લેશે તો કોઈની ખેર નથી. એને એ લોકોએ કહ્યું એમ જ થયું. અમે મછલીપટ્ટણમ્ નગરની પાસે પહોંચી ગયાં હતાં. અહીં ટીપુ સુલતાનનો જૂનો મહેલ હતો.







ટીપુ કેવી બહાદુરીથી અંગ્રેજો સાથે લડયા હતો એ વાત મને માએ કરી. ટીપુનો મહેલ જોઈ મારાથી ન રહેવાયું અને હું જોરથી ગાવા માંડયો - ટીપુ-ટીપુ-ટીપુ. મારું ગાયન આફત લાવ્યું. એકાએક જોયું કે હોડી જેવી ટોપી પહેરેલો એક કાળો



માણસ એક હાથીની પીઠ પર ગોઠવેલા હોદ્દામાં બેઠો હતો. એની પાછળ બીજા હાથી પર બીજા કેટલાક શિકારીઓ હતા.


કાળો માણસ બૂમો પાડી પાડીને પોતાના સાથીઓને કહી રહ્યો હતો, "આ બધાને જીવતા પકડી લો, ખાસ કરીને મદનિયાને. રાણીબાગ માટે એની જરૂર છે."



તુષીમામા, મા અને હું એકદમ પાછાં વળ્યાં અને જલદી જલદી ટીપુના કિલ્લાની
દીવાલને લાગીને ઊભેલી ઝાડીમાં ઘૂસી ગયા.


પાછળ અમને શિકારીઓના બૂમબરાડા સંભળાઈ રહ્યા હતા.
તુષીમામા મારી આગળ હતા, મા મારી પાછળ. મન તો થતું હતું કે દોડીને





તુષીમામાનીયે આગળ નીકળી જાઉં. ઘડીભર હું માને ભૂલી ગયો અને આગળ નાસવા માંડયો. પછી મને ખ્યાલ આવ્યો કે મા ખૂબ થાકી ગઈ હશે અને બી ગઈ હશે. હું રોકાઈ ગયો અને એની રાહ જોવા લાગ્યો.

પાછળ વળીને જોયું. એક ભયાનક દેખાવ હતો.



શિકારીઓએ માને ઘેરી લીધી હતી અને તેને રસ્સીથી બાંધી રહ્યા હતા. એ સૂંઢ ઉલાળી ઉલાળીને બૂમ પાડી રહી હતી, "મોરા, મોરા...દીકરા મારા, ક્યાં ગયો?"

મારાથી રોવાયું પણ નહીં. વર્ષો પહેલાં પેલા ગોરા શિકારીએ મારા પિતાજીને ગોળીથી મારી નાખ્યા હતા ત્યારે પણ મારાથી રડી શકાયું ન હતું.

માની દિશામાંથી આવતા બધા અવાજ સાંભળવા હું કાન આગળ-પાછળ ફફડાવવા માંડયો.





બીજા જ પળે મેં જોયું કે પેલો કાળો શિકારી [illegible] જ વિદ્રોહી હાથી પર બેસીને મારી તરફ આગળ વધી રહ્યો હતો. તુષીમામા દૂર ઊભા રહીને અમારી રાહ જોઈ રહ્યા હતા. મેં તેમની તરફ જોયું. દુઃખી મને હું એમની પાસે જવાને વળ્યો.


મનમાં ને મનમાં હું સમજી ગયો હતો કે જ્યાં સુધી હું મોટો થઈને પોતાનું રક્ષણ કરતો નહીં થાઉં ત્યાં સુધી દરેક જણ મારો શિકાર કરવા પ્રયત્ન કરશે. હું આગળ ચાલવા માંડયો. ગભરાયેલો-ડરેલો, પણ સાવધાન.

અચાનક પાસેના લાંબા ઘાસમાં કંઈ સરસરાટ થયો.

મેં વળીને એ તરફ જોયું

સાબરા દીપડો બેઠો હતો. જાણે હમણાં પકડીને ચાવી જશે એ રીતે એકેક દાંત કાઢી-ભીંસીને બેઠો હતો. બેંગલોરમાં પણ નદીકિનારાના અમારા ઘરમાં એ ઘણી વાર આવી ટપકતો. મને કાંપતો જોઈને સાબરાની લીલી લીલી આંખ ચમકવા માંડી; જાણે એ કહેતો ન હોય કે, "એ...હમણાં પકડું છું. હું તને પકડવા જ બેઠો છું. અમારા ગામનું ઘાસ ખાઈ ખાઈને વધ્યો છે, કંઈ વધ્યો છે. હવે જોઈ લે મજા."





મારા મનમાં આવા ખ્યાલ હજી આવી રહ્યા હતા. ત્યાં તો અચાનક સાબરા ઊછળ્યો અને મારા પર ઝપટયો.

પોતાના પંજા પહોળા કરીને એણે તીણા, લોખંડી નખ વડે મારા પર હુમલો કર્યો.


હું ડરીને ચીસ પાડી ઊઠયો. અને ત્યાંથી ભાગી છૂટવાના ઈરાદે પાછો ફર્યો. પણ પછી કોણ જાણે કેમ એ જ જગ્યાએ ઊભા રહીને મારી સૂંઢથી મેં એને એવો જોરથી ધક્કો માર્યો કે સાબરા ધમ્મ દઈને મારી સામે પડયો.


હું હજી કાંપી રહ્યો હતો, એટલામાં ઝાડીમાંથી બીક લાગે એવી ભયાનક ચિચિયારી સંભળાઈ. મારી નજર સામે ઘેરા ભૂખરા રંગની દીવાલ ખડી થઈ ગઈ. એ તુષીમામા હતા. હાથીઓના બહાદુર સરદાર.


એમણે સાબરા તરફ ઘૂરકીને જોયું. માથું નમાવીને એને પોતાની સૂંઢથી પકડી લીધો. પછી એને જમીન પર પછાડયો અને પોતાના પગ નીચે કચરી નાખ્યો. હું એ ભયંકર લડાઈ જોઈ જ રહ્યો. ડર અને જુસ્સાથી મારી આંખ લાલ થઈ ગઈ.

તુષીમામાએ એક વાર પોતાનું આખું શરીર હલાવ્યું પછી મોટી ચિચિયારી નાખીને જાણે સાતે સમુદ્ર, સાતેય આકાશ અને સાતેય ધરતીને પોતાના વિજયની ખબર કરી.

વિજયની આખરી ચિચિયારી પછી ધીરે ધીરે તેઓ ઝાડીઓમાં ચાલ્યા ગયા. વિનય અને કૃતજ્ઞતાથી માથું નમાવીને હું એમની પાછળ પાછળ ચાલવા માંડયો. હું વિચાર કરી રહ્યો હતો કે બહાદુર તુષીમામાએ જે ઉપકાર કર્યો છે તેનો બદલો કોઈ રીતે તો ચૂકવવો જ જોઈએ. પણ તુષીમામાએ તો મારી તરફ નજર સુધ્ધાં ન નાખી. કદાચ તેઓ મારી માનો વિચાર કરી રહ્યા હતા. મા પકડાઈ એ વાત કદાચ એમને અસહ્ય થઈ પડી હતી.







એક વાર પણ પાછા વળીને નજર કર્યા વિના તેઓ આગળ વધવા લાગ્યા. એકાએક આકાશને પણ ચીરી નાખે એવી ગુસ્સાભરેલી ચિચિયારી નાખી તેઓ ક્યાંક ખોવાઈ ગયા.

હું આગળ વધ્યો.

મારા રક્ષણહાર તુષીમામાને શોધવા હું બેચેન હતો.

એટલામાં નીચે ખાઈમાં પડેલા તુષીમામા મને દેખાયા.


તેઓ ગુસ્સાથી ચિચિયારી નાખી રહ્યા હતા અને પગ પછાડી રહ્યા હતા. હું લાચાર બનીને જોતો ત્યાં ઊભો રહ્યો. મને સમજાતું ન હતું કે હાથીઓની દુનિયાના આઝાદ પ્રાણીને આમ માણસો શા માટે સતાવે છે? શા માટે તેમને કાબૂમાં લેવા માગે છે? સાધારણ રીતે હાથીઓને પકડવા ખાડા કરવામાં આવે છે એવો એ ખાડો ન હતો, કામચલાઉ ખાડો હતો. ભારે શરીરવાળા તુષીમામાને એનાથી જરાય ઈજા થઈ ન હતી.




હું આમતેમ સૂંઢ ફંગોળતો રહ્યો. વિચાર કરવા લાગ્યો કે તુષીમામાને ખાડામાંથી બહાર કાઢવા શું ઉપાય કરું?

અફસોસ કે મારે લાંબા લાંબા દાંત નથી. નહીં તો ખાડાની બન્ને બાજુની દીવાલ ખોદી નાખત.

પછી અચાનક જ મને એક તરકીબ સૂઝી.



મેં એક છોડ મૂળમાંથી ઉખાડયો, અને એ ખાડામાં ફેંકયો. મને એમ કે એ છોડ કદાચ કંઈ કામ આવે.



પણ છોડ તો એમને માથામાં વાગ્યો. ગુસ્સાથી ગરજીને એમણે છોડ સૂંઢમાં લીધો, ચારે તરફ ઘુમાવ્યો અને પોતાના પગ નીચે કચરી નાખ્યો. થોડી વાર હું એ ખાડાને કિનારે કિનારે ફરતો રહ્યો.

અચાનક મને વિચાર આવ્યો કે કંઈ નહીં તો એટલું તો હું જરૂર કરી શકું કે તુષીમામાને કેદમાં થોડોઘણો આરામ મળે. કૂણી કૂણી કૂંપળ અને છોડવાઓની પથારીથી મામાને આરામ મળશે. પછી હું એમને બહાર કાઢવા પ્રયત્ન કરીશ.

છોડવાઓનો વરસાદ મેં તો વરસાવવા માંડયો પણ એનાથી બૂઢા હાથીને બહુ જ ગુસ્સો આવ્યો,

પાંદડાં અને છોડવાને એમણે પોતાના પગ નીચે કચરવા માંડયા અને ગુસ્સાથી ચિચિયારી નાખવા માંડયા.


થોડી વારે ખાડાનું તળિયું ઊંચું આવ્યું. એનું મોં થોડુંઘણુ એમની નજીક આવ્યું હતું. એકાદ કલાક પછી તો એમના દાંત ઉપરની જમીન સુધી પહોંચી ગયા. ધીમે ધીમે એમની મજબૂત સૂંઢ જમીન પર દેખાવા લાગી.

(પછી તુષીમામા ઊઠયા.) પોતાના ભારે દાંત અને સૂંઢને સંભાળતા તેઓ ઊભા થયા. હવે એમના ચારે પગ જમીન પર હતા. પછી તો બધી તાકાત ભેગી કરીને તેઓ ખાડામાંથી બહાર નીકળી આવ્યા.


તેઓ કહેવા લાગ્યા, "તું આવડો અમસ્તો હાથી. મને ખાડામાંથી કાઢવાનો આવો ઉપાય તને શી રીતે સૂઝયો?"

મેં એમના વિશાળ ચહેરા સામે જોયું. હું વિચારી રહ્યો હતો કે મા તુષીમામાની આ વાત સાંભળત તો કેટલી ખુશ થાત!

"હું તમારો ભકત છું." મેં તુષીમામાને કહ્યું, "અને તમારા જેવો બહાદુર તથા બળવાન બનવા માગું છું."



“મોરા, દીકરા, હું પણ દુનિયામાં એકલો પડી ગયો હતો. મારાં મા-બાપને શિકારીઓ કેરળનાં લાકડાંનાં ગોદામોમાં કામ કરવા પકડીને લઈ ગયા હતા. તારા પિતાના મરણ પછી મેં જોયું કે તારી મા તને સંભાળી શકે એમ નથી. સ્ત્રીઓ બાળકને જન્મ આપે છે અને એને ઉછેરે છે. પણ પુરુષોએ તો કામ કરવાનું હોય છે. હાથી જાતિની આઝાદીનું રક્ષણ કરવાનું કામ પણ પુરુષોનું છે. મેં તારા પિતાનું સ્થાન લઈ લીધું. પણ હવે તો તું બધું શીખી ગયો છે. જે ચાલાકીથી તેં મને ખાડામાંથી બહાર કાઢયો છે એ જોતા લાગે છે કે તું મોટાં મોટાં કામ કરીશ અને આપણી પંચાયતનો મુખી બની જઈશ.



“જા, બેટા. ચારે દિશામાં ફરી આવ. પછી આપણાં ટોળાંમાં પાછો આવી જજે.”

મેં મનમાં વિચાર્યું, હાથી કેટલો મહાન છે, કેટલો બુદ્ધિમાન !

મન તો થતું હતું કે તુપીમામા જ્યાં જાય ત્યાં તેમની પાછળ જાઉં પણ હું બળવાન બનવા ઇચ્છતો હતો, પોતાના પગ પર ઊભો રહેવા માગતો હતો અને આઝાદીથી રહેવા માગતો હતો.

અહીંથી અમારા રસ્તા જુદા થઈ ગયા તુપીમામા એક તરફ ગયા અને વિચારમાં ડૂબેલો હું બીજી તરફ ચાલી નીકળ્યો.